નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,

સત્યમેવ જયતે

બ્લોક નં-૧૪/૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં- ૦૭૯૨૩૨– ૫૪૮૦૪
ફેક્સ નં- ૦૭૯૨૩૨–૪૫૦૭૦
E-Mail-dddenf-dfcs@gujarat.gov.in

તાત્કાલિક/અગત્યનું

નં. અનજ/નબારેકા/ખાદ્યતેલ-વિતરણ/૧૨/૨૦૧૬-૧૭, તા.૨૧/૦૭/૨૦૧૬.

પ્રતિ,

(૧) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ)

(૨) નાયબ અન્ન નિયંત્રકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રીની કચેરી, લાલ દરવાજા, અમદાવાદ શહેર.

(૩) જનરલ મેનેજરશ્રી (કોમર્સ),
ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી, ગાંધીનગર.

વિષય: ઑગષ્ટ-૨૦૧૬ના માસમાં રીફાઇન્ડ કપાસીયા તેલ ૧-લી. પાઉચના જથ્થાનું અંત્યોદય તથા બી.પી.એલ કાર્ડધારકોને વિતરણ કરવા બાબત.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજ્યમાં અંત્યોદય તથા બીપીએલ કાર્ડધારકોને માહે **ઑગષ્ટ-૨૦૧૬**ના તહેવારો નિમિત્તે કાર્ડ દીઠ ૧-લી. **રીફાઇન્ડ કપાસીયા તેલ** પ્રતિ લીટરના **રૂ.૪૮/-** ના ભાવે વિતરણ કરવા માટે ૨૧-૦૭-૨૦૧૬ની સ્થિતિના ઓનલાઇન Abstract Summary કાર્ડના આધારે જિલ્લાવાર ફાળવણી કરવામાં આવેલ છે, જેનું પત્રક આ સાથે સામેલ છે.

તદ્નુસાર ઑગષ્ટ-૨૦૧૬ના માસમાં આપના જિલ્લાના એએવાય તથા બીપીએલ કાર્ડધારકોને **રીફાઇન્ડ કપાસીયા** તેલના જથ્થાનું વિતરણ કરવા જુલાઈ-૨૦૧૬ના અંતિત બંધ રહેલ જથ્થાને ધ્યાને લઈ મળવાપાત્ર ૧-લી. ના પાઉચની સંખ્યાની સામે કાર્ટૂન મુજબ પરમીટ આપવાની તથા જિલ્લાની ફાળવણી ધ્યાને લઈ રીફાઇન્ડ કપાસીયા તેલના જથ્થાનું ૧૦૦ % વિતરણ કરવા તમામને જરૂરી સુચના આપવા વિનંતી છે. આ વિતરણ દરમ્યાન મળવાપાત્ર ૧-લી. ના પાઉચની સંખ્યાની સામે કાર્ટૂન મુજબ થયેલ ફાળવણીના કારણે દુકાનના સંચાલકો પાસે વધારાના પાઉચ માસના અંતે ઉપલબ્ધ રહેશે, તે પાઉચનો જથ્થો માસના અંતે બંધ જથ્થા તરીકે દર્શાવવામાં આવે તેની ખાસ દેખરેખ રાખવા તેમજ રીફાઈન્ડ કપાસીયા તેલનું વિતરણ બજારભાવ કરતાં ઓછા ભાવે સબસીડી ભોગવીને જાહેર વિતરણ યોજના હેઠળ વિતરણ કરવામાં આવતું હોવાથી સાચા લાભાર્થીઓને જ જથ્થાનું વિતરણ થાય અને અનધિકૃત રીતે જથ્થાનો નિકાલ ન થાય તે માટે જરૂરી તમામ કક્ષાએ દેખરેખ રાખવા અને ઘનિષ્ઠ તપાસણી-ચકાસણી

કરવા તેમજ રીફાઈન્ડ કપાસીયા તેલના વિતરણ-પ્રમાણ અને ભાવ અંગેની બહોળી પ્રસિધ્ધિ તમામ જિલ્લા/અમદાવાદ શહેરમાં સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવામાં આવે તથા ટી.વી. ચેનલો મારફતે સ્કોલ દ્વારા પણ જાહેરાત કરવામાં આવે તેમજ માન. સંસદસભ્યશ્રીઓ સહિત જિલ્લા તાલુકાના મહાનુભાવોને પણ આ અંગે વાકેફ કરવા જણાવવામાં આવે છે.

બીડાણ : ઑગષ્ટ-૨૦૧૬ રીફાઇન્ડ કપાસીયા તેલ

૧-લી. પાઉચના વિતરણ ફાળવણીનું પત્રક.

નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

(૧) નાયબ સચિવશ્રી, (ક શાખા) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ નિયામકશ્રી, તપાસણી શાખા/હેડકવાર્ટર શાખા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબાની કચેરી તથા સંબંધીઓને સામેલ પત્રકની જિલ્લાવાર ફાળવણીની મર્યાદામાં જ પરમીટ મુજબનો જથ્થો ઇસ્યુ કરવાની સ્પષ્ટ સુચના આપવાની કાર્યવાહી સારૂ.

(૪) સીલેક્ટ ફાઇલ.